# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૫૯ • તા.૨૬ જૂન થી ૦૨ જુલાઈ ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# મુંબઈ વિભાગમાં કેડીઓ કુટુંબીજનો માટે કોવિડ-૧૯ વેક્સિનેશન અભિયાનને સુંદર પ્રતિસાદ


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# સર્વથા ત્યાગને લાયક અહંકાર

દરેક વ્યક્તિ વધતે ઓછે અહંકારથી પીડાતો હોય છે. કોઈને ધનનો, કોઈને તનનું, કોઈને પદનું, કોઈને પ્રતિષ્ઠાનું, કોઈને પરિવારનું-પૂર્વજોના નામ-કામનું અભિમાન હોય છે. આપણે અન્યથી ચડિયાતા માનીએ એટલે અહંકારનું બીજ વવાઈ જાય. જો એની પ્રત્યે લક્ષ ન અપાયતો તે વધુને વધુ ઊંચે ચડી જાય છે. પછી એનું ટ્રીમીંગ કરવું, કાપવું કે જડમૂળથી નાશ કરવું મુશ્કેલ ભર્યુ થાય છે. જ્ઞાનનો અને ત્યાગનો પણ માણસને અહંકાર હોય છે. ધનવાનોને પ્રાપ્ત થયાનો અહંકાર છે. તો ત્યાગીને છોડ્યાનો અહંકાર રહે છે. અહંકાર તો છેવટે માણસનું પતન કરે છે. તેનું અસ્તકાળ સર્જે છે.

અહંકારી વ્યક્તિ કોઈના આગળ નીકળી જવાથી, કોઈ એનું કહ્યું ન માનવાથી કોઈ એને સરખા માનપાન ન આપયા એનો ક્રોધ શિરે ચડી બોલે છે. અને મોઢાથી કડવા વહેણ નીસરી જાય છે. અયોગ્ય વર્તાવ થઈ જાય છે. આ માત્ર માણસના અહંકારથી થાય છે. જેટલો અહંકાર વધે છે એટલાં સુખચેન અને શાંતિ હણાઈ જાય છે. સજ્જન પણ શેતાન બની જાય છે.

હું કંઈક છું. હું બધાથી ચડિયાતો છું એ ભાવનાની લાલચ પણ અહંમ પદની અસર છે.. કોઈ આપણને સતત માન પાન આપે, સારો આદર સત્કાર આપે. ધન-પદ-સતા પ્રતિષ્ઠાના વાધા પહેરાવે, ઊંચા આસને બેસાડે એવો ખ્યાલ કરનારે એટલું યાદ રાખવું જોઈએ કે ઊંચા-માન-પાન મળે એ સ્વાર્થ વગર ભય વગર મળવા જોઈએ. પરાણે પ્રીત આપે એવા ન હોવા જોઈએ સ્વાર્થનો સંબંધ ક્ષણિક જેવો હોય છે. સ્વાર્થ પૂરો થઈ ગયા પછી સમીપ રહેતા સગાંઓ પણ આઘે આઘે સરી જાય છે કે ક્યાંય નજરે ચડતા નથી.

સારા સમયનું થતું અભિમાન ખરાબ સમય આવે ત્યારે જીવવું આકરું કરે છે. સમય ગમે એવો ઊંચો નીચો હોય. સૌ સાથે સારપથી વર્તીએ, સ્નેહ, સૌહાર્દપૂર્વક હળીએ મળીએ અને સૌની સાથે ભળીએ તો કપરા સમયમાં પણ આપણે હળવા ફૂલ રહી શકીએ છીએ. સૌના આદર પાત્ર બની. માનપાન આસાનીથી પામી શકીએ છીએ.

માણસ બધુ ત્યાગી દે, છોડી દે, સાધુ-સંન્યાસી થઈ જાય તો પણ મનમાં સૂક્ષ્મ સજીવ રહેલો અહંકાર જીવતો રહે છે. મારો સંપ્રદાય શ્રેષ્ઠ, મારા શિષ્યો ઉચ્ચપ્રકારના, મારો મઠ ઉતમ, મારો વાણી પ્રવાહ, મારો બોધ, ઉપદેશ સરળ અને સમજવા લાયક. આ લાગણી ભાવ એ પણ ગુમાનનું સર્જન કરે છે. ત્યાગ માત્ર બતાવવાથી તેનો અંચળો ઓઢી લેવાથી હેમ ખેમ નથી રહી શકાતું. અસલી ચહેરો વર્તન, વાણીથી ક્યારેક તો બહાર પ્રગટી ઉઠે છે. આ કૃત્રિમતા બહાર ખૂલ્લી પડી જાય છે. ત્યારે આપણે કોઈને મોઢું બતાવવાને લાયક રહેતા નથી. આ જ સચ્ચાઈ છે. આ જ જીવનની શિખામણ છે. એટલે જ સંત કબીર લખી ગયા છે કે

લેને કો સંતનામ, દેને કો અન્નદાન,
તરને કો હૈ દીનતા, ડુબને કો અભિમાન

માટે નમ્રતા રાખીશું તરી જઈશું તો ગર્વ, ગુમાન ને અભિમાનથી ક્યારે કને ક્યારેક ડૂબવાનું છે.

– જય જ્ઞાતિમૈયા

# કોરોના કાળનો માર ગૌધનના પેટ પર પણ પડ્યો છે

છેલ્લા સવા વરસ ઉપર વિત્યાં કોરોના કાળનો સમય હજી લંબાતો જાય છે. આ સમય દરમ્યાન વખતો વખત લદાયેલ લોકડાઉનના નિયમો બંધનો વાયરસ પ્રસાર રોકવા માટે જરૂરી હતા પણ તેની આડઅસર જનવ્યવહાર, વ્યાપાર, ઉદ્યોગ અને લોકોની મનોસ્થિતિ પર ગંભીરપણે પડી છે. વ્યવસાય રોજગાર ભાંગી પડ્યા છે. વેપારી, ઉદ્યોગપતિ નાનો મોટો રોજગાર કરી પોતાનો ગુજરાન ચલાવતો સામાન્ય જણ કે નોકરીયાત, નાનો મોટો કલાકાર, કારીગરના આવકના મેળ મળવા મુશ્કેલ થઈ પડ્યા છે. અસહ્ય મોંઘવારીનો માર અને વૈશ્વિક મંદીની અસર વ્યવસાય રોજગાર પર પડી છે તો તેની સાથો સાથ જીવદયાનું સેવાકાર્ય કરતી પાંજરાપોળોમાં પણ દાતાઓ દાન આપવા હાથ સંકોળી લેતા આર્થિક અડચણ ભોગવી પડી રહી છે.

ગત વર્ષે ગુજરાત સરકારે આઠ માસ સુધી પશુ સબસીડી આપી જેને લીધે પાંજરાપોળોનું સંચાલન સુવ્યવસ્થિત ચાલ્યું. પણ, હવે કપરો કાળ શરૂ થઈ રહ્યો છે. દેશ દેશાવરના સખીદાતાઓના ધંધા પડી ભાંગ્યાની અસર ગૌ જીવો માટે મળતાં દાન પર વિપરીત અસર પડી છે.

દશાઈઓની વસતીવાળા અબડાસા તાલુકાની મોટી પંચતીર્થીના નલિયા, કોઠારા, જખૌ, સુથરી તથા તેરા અને નાની પંચતીર્થીના વાંકુ, વારાપધ્ધર, લાલા, પરજાઉ અને રાપર ગઢવારી યાત્રા ધામો છે પણ અત્રે કોરોનાને લીધે યાત્રાળુઓનો પ્રવાહ થંભી જતા જૈન મહાજન સંચાલિત અડધો ડઝન જેટલી પાંજરાપોળો આર્થિક આપદા ભોગવે છે.

એકમાત્ર રાતા તળાવ પાંજરાપોળમાં ૫૬૦૦ ગૌધન તો લઠેડી, જખૌ, નલિયા, સુથરી, કોઠારા અને તેરામાં ૧૬૦૦ ગૌ વંશનો નિભાવ કરવામાં આવે છે. પાંજરાપોળમાં આશરો લીધેલ પશુધન કરતાં ત્રણ ચાર ગણા વધુ પશુધન રખડતા, ભટકતાં રહી પેટ ભરવા ખોરાકની શોધમાં ઉકરડા ચૂંથે છે. બોલતો ચાલતો જીવ પોતાની તકલીફ વ્યક્ત કરી શકે છે પણ અબોલ જીવ પોતાની પીડા કેમ વ્યક્ત કરી શકે? જૈન ધર્મના પાયામાં જીવદયા અને અહિંસા વણાયેલા છે. એ મૂળ તત્વોને આપણે ભૂલીએ નહીં. માનવ જીવ અને અબોલ જીવ બન્નેની સેવા આપણા માટે મહત્વની છે અને એને ભૂલીએ નહીં.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# મુંબઈ વિભાગમાં કેડીઓ કુટુંબીજનો માટે કોવિડ-૧૯ વેક્સિનેશન અભિયાનને સુંદર પ્રતિસાદ

શેઠ નરશી નાથ મેડિકલ ટ્રસ્ટ દ્વારા યોજાયેલા વેક્સિનેશન અભિયાનમાં લગભગ ૨૦૦૦ જેટલા કેડીઓ જ્ઞાતિજનોને વેક્સિન આપવામાં આવી હતી. આ વેક્સિનનો સંપૂર્ણ ખર્ચ શ્રી અનંતનાથ ટ્રસ્ટ દ્વારા ભોગવવામાં આવ્યો હતો અને સમગ્ર અભિયાનનું સંકલન(કો-ઓર્ડીનેશન) શ્રી કેડીઓ જૈન મુંબઈ મહાજનની ઉત્સાહી ટીમે કર્યું હતું.



દિપ પ્રાગટ્ય કરી રહેલા નયન ભેદા અને સાંસદ શ્રીકાંત શિંદે

વેક્સિનેશન ડ્રાઈવ માટે ભારતમાં શ્રેષ્ઠ હેલ્થકેર સુવિધાઓ ધરાવતી હોસ્પિટલસમાંની એક એવી થાણા સ્થિત જ્યુપિટર હોસ્પિટલનો સહયોગ સાંપડ્યો હતો.



સાંસદ મનોજ કોટક સાથે નયન ભેદા અને કેડીઓ મેડિકલ ટીમ

વેક્સિનેશન અભિયાન બે સ્થળે યોજવામાં આવ્યું હતું. ૧૯મી અને ૨૦મી જૂનના થાણામાં સુલોચનાદેવી સિંઘાનિયા સ્કૂલમાં જ્યુપિટર હોસ્પિટલ દ્વારા ખાસ બનાવેલા સલામત અને સગવડતાભર્યા વેક્સિનેશન સેન્ટરમાં આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. બંને તારીખોએ આ સ્થળનું બૂકિંગ ફક્ત કેડીઓ જ્ઞાતિજનોના વેક્સિનેશન માટે જ કરવામાં આવ્યું હતું.

થાણામાં બંને દિવસમાં મળીને કુલ ૫૬૫ જ્ઞાતિજનોને વેક્સિન આપવામાં આવી હતી જેમાંથી ૫૫૨ વ્યક્તિઓને પ્રથમ ડોઝ અને ૧૩ વ્યક્તિઓને બીજો ડોઝ આપવામાં આવ્યો હતો.

તા. ૨૦ જૂનના ડોમ્બિવલીના માઉલી હોલ ખાતે વેક્સિનેશન ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્થળે ડોમ્બિવલી કેડીઓ મંડળ દ્વારા સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

ડોમ્બિવલીમાં કુલ ૫૮૨ જ્ઞાતિજનોને વેક્સિન આપવામાં આવી હતી જેમાંથી ૫૭૯ને પ્રથમ ડોઝ અને ૩ને બીજો ડોઝ

**શેઠ શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ દ્વારા પ્રેરિત અને શ્રી અનંતનાથ ટ્રસ્ટ તથા દાતાઓ દ્વારા સ્પોન્સરશિપ સાથે મુંબઈ વિભાગમાં સમગ્ર કુટુંબીજનો માટે વેક્સીનેશન અભિયાનને સુંદર પ્રતિસાદ**

# મુંબઈ વિભાગમાં કેડીઓ કુટુંબીજનો માટે કોવિડ-૧૯ વેક્સિનેશન અભિયાનને સુંદર પ્રતિસાદ



**ડોંબિવલીના જ્ઞાતિજનોને સંબોધી રહેલા સાંસદ શ્રીકાંત શિંદે**

આપવામાં આવ્યો હતો.

કુલ કરાયેલા ૧૧૪૭ વેક્સિનેશનમાંથી ૬૦ વર્ષથી ઉપરની વયના ૭૧, ૪૫થી ૫૯ વર્ષની વયના ૧૧૮ અને ૧૮થી ૪૪ વર્ષની વયના ૯૫૮ જ્ઞાતિજનોને વેક્સિન આપવામાં આવી હતી.

વેક્સિનેશન ડ્રાઈવને કેડીઓ જ્ઞાતિજનો તરફથી ઉત્તમ પ્રતિસાદ મળ્યો હતો. મુંબઈ વિભાગના દરેક પરામાંથી જ્ઞાતિજનોએ આવીને વેક્સિન લીધી હતી.

**આ અભિયાનમાં ઉપલબ્ધ કરાયેલી સુવિધાઓ**

- સોશિયલ ડિસ્ટન્સિંગના પાલન સાથે સલામત અને સગવડભર્યા વેક્સિનેશન માટેનું પરફેક્ટ લોકેશન
- વેક્સિનેશન કોમ્પ્લેક્સમાં વાહન પાર્કિંગ માટે પૂરતી વ્યવસ્થા
- બહુસંખ્યામાં આવેલા જ્ઞાતિજનોમાં વ્યવસ્થા જાળવવા પુરતો સ્ટાફ અને સ્વયંસેવકો
- ઇમર્જન્સીની પરિસ્થિતિ માટે એમ્બ્યુલેન્સ
- તાલીમ પામેલા વેક્સિન આપનારા ડોક્ટર્સ અને નર્સીસ
- વેક્સિનેશન પ્રોટોકોલ પ્રમાણે જરૂરી સર્વ બાબતોનું પાલન
- વેક્સિનની કન્ફર્મ ઉપલબ્ધતા

| કેડીઓ જ્ઞાતિનું વેક્સિનનેશન અભિયાન – ૨૦૨૧ | |
|---|---|
| ડોમ્બિવલી | ૫૮૨ |
| મુલુંડ | ૨૭૪ |
| કાંજુરમાર્ગ | ૧૨૬ |
| થાણા | ૬૮ |
| ઘાટકોપર (અને નવી મુંબઈ) | ૫૮ |
| મસ્જિદ | ૨૪ |
| વેસ્ટર્ન લાઈનના ઉપનગરો | ૧૦ |
| માટુંગા | ૨ |
| મુંબઈ બહારના વિસ્તારો | ૨ |
| કુલ | ૧૧૪૭ |

| વય જૂથ | કેડીઓ-ડોમ્બિવલી | સિંઘાનિયા-કેડીઓ-થાણા | કુલ |
|---|---|---|---|
| ૬૦ વર્ષ અને ઉપરના | ૧૮ | ૫૩ | ૭૧ |
| ૪૫થી ૫૯ વર્ષની વચ્ચે | ૪૪ | ૭૪ | ૧૧૮ |
| ૧૮થી ૪૪ વર્ષની વચ્ચે | ૫૨૦ | ૪૩૮ | ૯૫૮ |
| કુલ | ૫૮૨ | ૫૬૫ | ૧૧૪૭ |

# મુંબઈ વિભાગમાં કેડીઓ કુટુંબીજનો માટે કોવિડ-૧૯ વેક્સિનેશન અભિયાનને સુંદર પ્રતિસાદ



● રજિસ્ટ્રેશનની વ્યવસ્થા સંભાળવા ખાસ ટીમ

આ સંપૂર્ણ અભિયાનનું સુંદર પ્લાનિંગ શ્રીમતી મનીષા શાહ દ્વારા મુંબઈ મહાજનના પ્રેસિડેન્ટ નયન ભેદા, અનંતનાથ ટ્રસ્ટ અને નરશી નાથ મેડિકલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી કુમારભાઈ દંડ સાથે સંકલન સાધીને કર્યું હતું.

જ્ઞાતિજનોએ આ વેક્સિનેશન અભિયાનની પ્રસંશા કરી હતી અને અનેક જ્ઞાતિજનો જેઓ વેક્સિન લેવા ઈચ્છતા ન હતા તેઓએ પણ મહાજનની આ પ્રવૃત્તિ પ્રત્યે વિશ્વાસ તેમ જ માનની ભાવનાથી પ્રેરાઈને વેક્સિન લેવા આગળ આવ્યા હતા.

પ્રથમ દિવસે જ્ઞાતિ પ્રમુખ નયનભાઈ ભેદાએ તેમનો વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો હતો. સાંસદ મનોજભાઈ કોટક અને જ્યુપિટર હોસ્પિટલના ચેરમેન ડો. અજય ઠક્કર આ પ્રસંગે ઉપસ્થિત હતા. તેમણે પણ કેડીઓ જ્ઞાતિના આ વેક્સિનેશન અભિયાનની પ્રસંશા કરી હતી.

ડોમ્બિવલીમાં સાંસદ ડો. શ્રીકાંત શિંદેએ નયનભાઈ ભેદા સાથે અભિયાન સ્થળની મુલાકાત લીધી હતી. તેમણે પણ કેડીઓ જ્ઞાતિ માટે ટ્રસ્ટએ કરેલી પહેલની પ્રસંશા કરી હતી.

અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ચેતનભાઈ મોતા, વિરેન્દ્રભાઈ લોડાયા, મનોજભાઈ લોડાયા, લોપાબેન નાગડા, તેજલબેનએ પણ વેક્સીનેશન સ્થળની મુલાકાત લીધી હતી.

થાણા ખાતે બંને દિવસે સ્વયંસેવક તરીકે ગુલાબભાઈ મૈશેરી, જીનલબેન શાહ, કલ્પેશભાઈ મોમાયા અને મસ્જિદ બંદરની તેમની ટીમ, ભાવનાબેન લોડાયા, જયેશભાઈ મોમાયા, સંજયભાઈ શાહ તેમજ હેમિલભાઈ અને લોપાબેન નાગડાએ સેવા આપી હતી. ડોમ્બિવલીમાં વેક્સિનેશન ડ્રાઈવની સંપૂર્ણ વ્યવસ્થા વિજયભાઈ સોની અને ડોમ્બિવલી કેડીઓ મંડળની ટીમએ કરી હતી. સ્વયંસેવકો અને જ્યુપિટર હોસ્પિટલની ટીમ વચ્ચે સુંદર સુમેળ રહ્યો હતો. મુંબઈ મહાજનની સર્વ ટીમોએ અભિયાનને સુદર સાથ સહકાર આપ્યો હતો અને સ્વેચ્છાએ મદદ કરવા આગળ આવી હતી.

વેક્સિનેશન માટે વેઈટિંગ લિસ્ટ બનાવવા વિચારણા ચાલી રહી છે. જો પુરતી સંખ્યામાં કન્ફર્મ નામ આવશે તો ફરીથી વેક્સિનેશન ડ્રાઈવનું આયોજન કરવામાં આવશે.



# રાપર ગઢવારી તીર્થે ૧૨૯ મો ધ્વજારોહણ મહોત્સવ ભવ્યતાથી થયો





તા.૧૯ જૂન શનિવાર દિને અબડાસા તાલુકાના રાપર ગઢવારી તીર્થે જિનાલયનો ૧૨૯મો ધ્વજા રોહણ મહોત્સવ ભવ્યતાથી થયો. આ પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ ભાવ ભક્તિપૂર્વક થઈ હતી.





**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ
૨૧/૦૩/૧૯૩૬

મૃત્યુ
૨૬/૦૬/૨૦૨૧

# સ્વ.શાંતિલાલ મૂળજી શિયાળ

ગામ: જખૌ - હાલ: ઈન્દોર



આપનો શિસ્તપ્રેમી પરંતુ સેવાભાવી સ્વભાવ, સદા હસતો ચહેરો,
પ્રેમસભર આતિથ્ય હંમેશા યાદ રહેશે.
તમારો પવિત્ર આત્મા જ્યાં પણ હોય ત્યાં પરમ શાંતિ પામે અને
મોક્ષગામી બને એ જ ઈશ્વરને અંત:કરણપૂર્વક પ્રાર્થના.

-:: શ્રદ્ધાસુમન ::-

**ભૂતપૂર્વ પ્રમુખ કલ્પેશ માણેકજી મોતા/વ્યવસ્થાપક સમિતિ**
**તથા અનંતનાથજી ટ્રસ્ટીઓ વર્ષ ૨૦૧૫-૨૦૨૦**

# મોડપર નગરે શ્રી સુપાર્શ્વનાથ અને શ્રી કેશરીયા આદિનાથ જિનાલયે ધ્વજારોહણ મહોત્સવ રંગ ઉમંગભેર સંપન્ન





હાલાર પ્રાંતના જામનગર પાસેના મોડપર નગરના ૪૦૦ થી અધિક વર્ષ પ્રાચીન શ્રી સુપાર્શ્વનાથ જિનાલય, ૯૯ ઈંચના ભવ્ય શ્રી કેસરિયા આદિનાથ જિનાલય તેમજ પ.પૂ.આ.ભ.શ્રી કલ્યાણસૂરીશ્વરજી ગુરૂ મંદિરે ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે વિવિધ ધર્મ આરાધનો સાથે સંપન્ન કરાઈ.

તા.૫ જૂન ૨૦૧૪ના જિર્ણોધ્ધાર સહ નવનિર્મિત થઈ ફરી પુનઃપ્રતિષ્ઠા પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમજ તેમના કરકમળો દ્વારા થઈ. આજની આ આઠમી વર્ષગાંઠે ધ્વજારોહણના લાભાર્થી પરિવારો દ્વારા સાધર્મિક ભક્તિનો પણ લાભ લેવામાં આવેલ.

**શ્રી સુપાર્શ્વનાથ જિનાલય :** માતુશ્રી મંજુલાબેન મુલચંદ હીરજી લોડાયા પરિવાર, મોટી ખાવડી-ઔરંગાબાદ હસ્તે અ.સૌ. કલ્પના રાજેન્દ્ર અને શ્રીમતી શર્મિષ્ઠા (જયશ્રી) મુકેશ શાહ લોડાયા.

**શ્રી કેસરિયા પાર્શ્વનાથ જિનાલય :** અ.સૌ.પલક દર્શન જયેશ હરિયા પરિવાર મોડપર મુલુંડ હસ્તે અ.સૌ.ભાવના પંકજ ધરમશી

**દાદાગુરૂ દેવ શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી ગુરૂ મંદિર :** માતુશ્રી નવલબેન ભાઈચંદ લાલજી ધરમશી પરિવાર રંગપુર-ડોંબિવલી હસ્તે અ.સૌ.ઝરણા નીતિન ધરમશી.

આ પ્રસંગે વોટસએપ ગ્રુપમાં અષ્ટપ્રકારી પૂજાના છ ચડાવા, આવતા વર્ષની ત્રણ ધ્વજા અને સર્વ સાધારણ ફંડ માટે અઠવાડિયા પહેલા ઓફર માટે મૂકવામાં આવેલ. જેને સર્વે ટ્રસ્ટીગણના અથાગ પ્રયત્નોથી સુંદર પ્રતિસાદ મળેલ અને આખરી આદેશ ધ્વજારોહણના દિવસે ઉછામણી લઈ વિશાળ હાજરીની વચ્ચે આપવામાં આવેલ.

પ્રથમ દિવસે તા.૧૬ જૂન બુધવારના દિને અઢાર અભિષેકના પણ ચડાવા લેવામાં આવેલ અને તેને પણ સુંદર પ્રતિસાદ મળેલ.





# મોડપર નગરે શ્રી સુપાર્શ્વનાથ અને શ્રી કેશરીયા આદિનાથ જિનાલયે ધ્વજારોહણ મહોત્સવ રંગ ઉમંગભેર સંપન્ન






દ્વિતીય દિવસ તા.૧૭ જૂન ગુરૂવારના દિને ધ્વજારોહણ પ્રસંગે આસપાસ પરિસરના ગામો જેવા કે રંગપુર, દલતુંગી, સેવક ભરૂડિયા, મોટી ખાવડી, નાની ખાવડી, ગોરખડી વિગેરે ગામોના જ્ઞાતિજનો ઉમંગથી પધાર્યા હતા. સાધુ ભગવંતોની પાવનકારી હાજરીમાં આનંદ ઉલ્હાસથી ધર્મમય માહોલમાં સર્વે ધાર્મિક વિધિઓ થઈ હતી.

સર્વે મહેમાનો, દાતા પરિવારો, જ્ઞાતિજનો વિગેરેનો સંઘ દ્વારા આભાર અનુમોદના વ્યક્ત કરી દાતા પરિવારોનું બહુમાન કરવામાં આવેલ. આ ઉજવણીનું લાઈવ પ્રસારણ ઝુમ વિડીયો દ્વારા કરવામાં આવેલ. જેનો મુંબઈ તેમજ બહારગામ વસતા જ્ઞાતિજનો પ્રત્યક્ષ રીતે નિહાળી કાર્યક્રમમાં જોડાયા હતા.

# પ.પૂ.સાધ્વી ભગવંતોનો નાસિક નગરમાં ભવ્ય પ્રવેશ થયો





પ.પૂ.સાધ્વીશ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી અક્ષયપૂર્ણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪નું નાસિક શહેરમાં નગર પ્રવેશ થયો. સંઘના શ્રાવક શ્રાવિકો ઉત્સાહ અને આનંદના માહોલમાં પૂજ્ય સાહેબોને આવકાર્યા હતા.

# મુનિશ્રી હીંકારસાગરજી મ.સા.ના વર્ધમાન તપોનિધિ બિરુદના માનમાં વિશેષ પૂર્તિ જ્ઞાતિમૈયા માં



આ વિશેષ પૂર્તિ માટે
મુનિશ્રી હીંકારસાગરજી મહારાજને
આપ તેમના પ્રત્યેની અનુમોદના,
આદરભાવ તેમજ તેમના
સાથેના સંસ્મરણો
**મંગળવાર ૬ જુલાઈ ૨૦૨૧**
સુધી લખીને મોકલો

**આપ આપની જાહેરાત પણ આપી શકો છો**

**કલર ફુલ પેજ રૂા.૮૦૦/-**

Mulchand Motta - 9846214203
Linesh Nagda - 9323276135
Email : gyatimaiya2018@gmail.com

# ભાંડુપ નગરે આદિનાથ જિનાલયની ૭૬મો ધ્વજારોહણ મહોત્સવ ધર્મભાવથી સંપન્ન થયો









અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના પાવનકારી નિશ્રામાં સાધુ સાધ્વીજી ભગવંતોની દિવ્ય ઉપસ્થિતિમાં ભાંડુપ નગરે શ્રી આદિનાથ જિનાલયનો ૭૬મો ધ્વજામહોત્સવ પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ ઉત્સાહ ભાવના માહોલમાં થઈ.





# માનવ જ્યોત ભુજ એ માનસિક દિવ્યાંગો માટે ઉમદા સેવા કાર્યો કરાયા



જિલ્લા કાનૂની સેવા સતા મંડળ ભુજના માર્ગદર્શન હેઠળ માનવ જ્યોત સંસ્થા ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ પાલરા સ્થળેથી ૧૪ અને માનસિક આરોગ્ય હોસ્પિટલ ભુજના ૪ મળી અઢાર માનસિક દિવ્યાંગો સ્વસ્થ બની. સ્વઘરે પ્રયાણ કરતાં તેઓને શુભેચ્છા આપવાનો કાર્યક્રમ રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છ મધે જિલ્લા કાનૂની સેવા સતા મંડળ ભુજના સચિવ અને સિનિયર સિવિલ જજ તથા એડિશનલ જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ બી.એન.પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

અમનનો ઓટલો સંસ્થાના દયારામ મહારાજ, શ્રધ્ધા ફાઉન્ડેશનના દિનાનાથજી, વિરાંગના સ્પેશિયલ સ્કોર્ડ પશ્રિમ કચ્છ ભુજના શીતલબેન નાઈ, ગાયત્રીબેન બારોટ, રમિલાબેન શાહ, પૃથ્વીરાજ સિંહ જાડેજા, રમેશભાઈ માહેશ્વરી, સુરેશભાઈ માહેશ્વરી, સહદેવ સિંહ જાડેજા અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યાં હતાં.





સ્વાગત પ્રવચન તથા પ્રસંગ મહત્વ સમજાવતા સંસ્થાના અધ્યક્ષ પ્રબોધ મુનવર એ સંસ્થા દ્વારા કચ્છમાં ચાલી રહેલા ૪૯ પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી ઉપસ્થિતિ સૌને આપી હતી. કોરોના કાળમાં પણ આ સર્વે માનસિક દિવ્યાંગોની ખાસ કાળજી લેવામાં આવેલ હતી. માનવ જ્યોત સંસ્થા દ્વારા અત્યાર સુધી ૧૦૩૪ માનસિક દિવ્યાંગોને ઘર સુધી પહોંચ્યા છે. આમાં શ્રધ્ધા ફાઉન્ડેશન કર્જતનો વિશેષ સહકાર પ્રાપ્ત થયો છે.

દયારામ મારાજે માનસિક દિવ્યાંગોની માનસિક વ્યથા વર્ણવી હતી અને કચ્છમાં માનવ જ્યોતના માધ્યમથી સરાહનીય કાર્ય થઈ રહ્યું હોવાનું જણાવ્યું હતું. કર્જતના શ્રધ્ધા ફાઉન્ડેશનના દિનાનાથજીએ માનસિક દિવ્યાંગોને ઘર પહોંચાડવા માનવ જ્યોત સાથે મળીને શ્રધ્ધા ફાઉન્ડેશન યોગ્ય પણે કાર્ય કરી પોતાની ફરજ પૂરી કરી રહ્યું છે. શ્રધ્ધા ફાઉન્ડેશનના સ્થાપક ભરતભાઈ વટવાણીના જન્મદિવસે આજે ૧૮ માનસિક દિવ્યાંગો સ્વસ્થ થઈ ઘર તરફ પ્રયાણ કરી રહ્યાં છે જે માટે ખુશી વ્યક્ત કરી હતી.

# માનવ જ્યોત ભુજ એ માનસિક દિવ્યાંગો માટે ઉમદા સેવા કાર્યો કરાયા



પૃથ્વીરાજ સિંહ જાડેજા અને સહદેવ સિંહ જાડેજા એકમતથી સંસ્થાની કચ્છભરમાં થતી સેવાકીય પ્રવૃત્તિઓની પ્રશંસા કરી જરૂરિયાતમંદ લોકોની મદદ કરવાની ભાવનાને મોકળે મને બિરદાવી હતી. કોરોના જેવા કપરા કાળમાં પણ લોકોની વહારે ચડી અવિરત મદદ કરી હોવાનું તેમણે કહ્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી ઉદ્‌બોધન કરતાં જિલ્લા કાનૂની સેવા સતા મંડળના સચિવ બી.એન.પટેલ સાહેબએ માનસિક દિવ્યાંગો સ્વસ્થ બનાવી ઘર સુધી પહોંચાડવાનું કાર્ય અદ્‌ભૂત સેવા છે. પુનઃઘરે જઈ રહેલા માનસિક દિવ્યાંગોની ખુશી જોઈ સ્વજન મિલનનો તલસાટ તેમના મુખે ઝબકી રહ્યો છે. જે જોઈ ખરેખર પ્રસન્ન ચિત થઈ જવાય છે. આવા લોકોની પાછળ મહેનત કરી સાજા કરી સુખરૂપે તેમને સ્વજનો સાથે મેળાપ કરાવવાનો ભગીરથ કાર્ય કરવા બદલ માનવ જ્યોત અને શ્રધ્ધા ફાઉન્ડેશનનું કાર્ય ખરેખર પ્રશંસનીય છે.





જયાબેન મુનવર, અનિતાબેન ઠાકુર, ફેમિના શેખ, અફસાના ખલીફા, હેતલબેન સિંઘ, ગુણવંતીબેન મોતા, હફીઝાબેન સમા, ડિમ્પલબેન ધરમશી, જયશ્રીબેન જીવાણી, રેખાબેન લોડાયા, આરતીબેન જોષી, સુશીલાબેન રાજગોર, કુસુમબેન ચંગલ, વીરાંગના સ્પેશિયલ સ્કોર્ડના જશોદાબેન ધ્રાંગ, ભાવનાબેન બરાડિયા, અનિલબેન ચૌધરી, જયશ્રીબેન સાધુ, જાસ્મીનબેન કુંભારે દરેક માનસિક દિવ્યાંગોને કુમકુમ તિલક કરી હાર પહેરાવી મોઢું મીઠું કરાવીને શુભેચ્છાઓ પાઠવી હતી.

બિહાર ૪, ઉત્તરપ્રદેશ ૩, મહારાષ્ટ્ર ૫, ઝારખંડ ૨, આસામ, કર્ણાટક, પંજાબ હરિયાણાના પ્રત્યેક ૧-૧ મળી રૂબરૂ ૮ રાજ્યના ૧૮ માનસિક દિવ્યાંગોને વાહન મારફત શ્રધ્ધા રિહાબિલીટિશન ફાઉન્ડેશન કર્જત મોકલવામાં આવ્યા હતા. ત્યાંથી શ્રધ્ધા ફાઉન્ડેશન તેઓને તેમના રાજ્ય ગામ અને ઘર સુધી પહોંચતા કરશે.

કાર્યક્રમ સંચાલન પ્રબોધ મુનવર આભાર વિધિ શંભુભાઈ જોષીએ કરી હતી. વ્યવસ્થા આયોજનમાં પૃથ્વીરાજ સિંહ જાડેજા, રફીક બાવા, સહદેવ સિંહ જાડેજા, આનંદરાય સોની, કનૈયાલાલ અબોટી, પંકજ કુરવા, મહેશ ઠક્કર, દિલીપ લોડાયાએ સહકાર આપ્યો હતો. માનસિક આરોગ્ય હોસ્પિટલ ભુજ, બી ડિવિઝન પોલીસ સ્ટેશન ભુજ, જિલ્લા આરોગ્ય ખાતુ, અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર ભુજ, ગુજરાત અદાણી ઈન્સ્ટીટ્યૂટ મેડિકલ સાયન્સ જી કે જનરલ હોસ્પિટલએ માનવતાના આ સેવાકાર્ય યજ્ઞમાં સહકાર આપ્યો હતો.

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મ
૨૧/૦૩/૧૯૩૬

મૃત્યુ
૨૬/૦૬/૨૦૨૧

# સ્વ.શાંતિલાલ મૂળજી શિયાળ

ગામ: જખૌ - હાલ: ઈન્દોર

સમયની કિંમત કરનારા, સંબંધોને હૃદયથી સાચવનારા,
સદા 'હસમુખો' ચહેરો રાખનારા,
સદ્‌ગુણોની ખાણ ધરાવનારા,
ધબકતે હૈયે અર્પીએ શ્રદ્ધા સુમન કે સુખમય બને
આપની મોક્ષની સફર

–:: શ્રદ્ધાસુમન ::–

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# જખૌ તીર્થના શ્રી મહાવીર સ્વામી આદિ જિનાલયની ૧૭૩મી વર્ષગાંઠ પ્રસંગે ધ્વજારોહણ મહોત્સવ યોજાયો





કચ્છ પ્રાંતના અબડાસા પ્રદેશના ઐતિહાસિક જખૌ તીર્થના શ્રી મહાવીર સ્વામી આદિ જિનાલયની ૧૭૩મી વર્ષગાંઠ પ્રસંગે પ.પૂ.મુનિરાજ શ્રી આર્યરત્નસાગરજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં ભવ્યતાથી ધ્વજારોહણ મહોત્સવ પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ કરાઈ હતી. તે સાથો સાથ અત્રે નૂતન અતિથિ ગૃહનું ભૂમિપૂજન શિલાન્યાસ વિધિકાર ચંદ્રકાંતભાઈ દેઢિયા બિદડાવાળાના સાથ સહયોગ વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષી મર્યાદિત સંખ્યા ઉપસ્થિતિ સાથે સાદાઈપૂર્વક થઈ.

## નગરસેવિકા નેહલ શાહ(ખોના) દ્વારા વોર્ડ ક્રમાંક ૧૭૭માં વેક્સિનેશન કેમ્પ યોજાયો





તા.૨૧ જૂન સોમવારના માટુંગા ઈસ્ટ (સે.રે.) વોર્ડ ક્રમાંક ૧૭૭ના નગરસેવિકા શ્રીમતી નેહલ અમર શાહ ખોનાના પ્રયત્નોથી કોવિડ વેક્સિનેશન કેમ્પનું આયોજન થયું. જેમાં ૭૩૨ નાગરિકોએ રસીકરણ કરાવ્યું હતું. આ વેક્સિનેશન કેમ્પની મુલાકાત ધારાસભ્ય આશીષ શેલાર, વિધાન પરિષદ સભ્ય પ્રસાદ લાડેએ લીધી હતી અને વ્યવસ્થા આયોજનની પ્રશંસા કરી હતી. રસીકરણ કેમ્પ માટે એપોલો હોસ્પિટલનો સહયોગ મળ્યો હતો. શ્રી માટુંગા મૂર્તિપૂજક જૈન શ્વેતાંબર સંઘ અને ભાજપ પક્ષના કાર્યકરોએ વ્યવસ્થા જાળવવા માટે સહકાર્ય આપ્યો હતો.

તદપરાંત તા.૨૩ જૂનના સવારના ૯ કલાકથી સાંજે ૫ સુધી આ જ વોર્ડના નાબર ગુરૂજી એસેમ્બલી હોલ દાદર (પૂર્વ) માં નિ:શુલ્ક રસીકરણ કેમ્પ વોક ઈન અને પ્રી રજિસ્ટ્રેશન ધોરણે ડોઝ ૧ તથા ડોઝ ૨ વયગટ ૩૦ થી ૪૪ તથા ૪૫ થી વધુ વયનાઓ માટે આયોજિત કરાયો હતો.

# બોંતેર જિનાલય તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી જ્યોતિષપ્રભાશ્રીજી મ.સા. કાળધર્મ પામ્યા







કચ્છના વર્ધમાન બોંતેર જિનાલય તીર્થે બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી જ્યોતિષપ્રભાશ્રીજી મ.સા. તા.૨૪ જૂન ગુરૂવાર રાત્રે ૯ કલાકે નવકાર મંત્રનું સ્મરણ કરતા કાળધર્મ પામ્યા. પૂજ્યશ્રીની પાલખી યાત્રા તા.૨૫ જૂન શુક્રવારે બપોરે ૨.૩૦ કલાકે નીકળી હતી. પૂજ્યશ્રીનો શાંત થયેલ શાશ્વત દેહ સવારના ૧૦ થી ૨ દરમ્યાન દર્શનાર્થે રખાયો હતો. અત્રે બિરાજમાન સાધુ સાધ્વી ભગવંતો, પૂજ્યશ્રીને શ્રધ્ધાપૂષ્પ અર્પણ કર્યા હતા. ગુરૂ ભક્તો કોરોના ગાઈડ લાઈન્સનું પાલન કરી માસ્ક ધારણ કરી, સોશ્યિલ ડિસ્ટન્સ જાળવીને દર્શન વંદન કરી શ્રધ્ધાંજલિ અર્પી હતી.

પૂજ્યશ્રી સાહેબ ૫૯ વર્ષ પહેલા પ.પૂ.આ.ભ.ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના વરદ હસ્તે નાના આસંબિયા નગરે દીક્ષિત થયા હતા. હાલે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના સાંનિધ્ય કાળમાં શાસન પ્રભાવના કરતા કરતા ૭૨ જિનાલય તીર્થે સ્થિરવાસ રહેલા. દસ દિવસનું અનશન ધારણ કરી ૯૦ વર્ષે નવકાર મંત્રનું સ્મરણ કરતાં કાળધર્મ પામ્યા. પૂજ્યશ્રી પ.પૂ.દાદી ગુરૂણી પ્રર્વતની મહતરા પ.પૂ.સા.શ્રી ગુલાબશ્રીજી મ.સા.ના સમૂદાયના પ.પૂ.સા.શ્રી દેવશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સા.શ્રી ખીરભદ્રાશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી નિર્મલગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા (સંસાર પક્ષે બહેન) હતા.

# પ.પૂ.સાધ્વીશ્રી જ્યોતિષપ્રભાશ્રીજી મ.સા.ની પાલખી યાત્રા નીકળી





કચ્છના વર્ધમાન બોંતેર જિનાલય તીર્થે સ્થિરવાસમાં રહેતા પ.પૂ.સાધ્વીશ્રી જ્યોતિષપ્રભાશ્રીજી મ.સા. ઉ.વ.૮૮ની વયે નવકાર મંત્રનું અખંડ સ્મરણ કરતાં કાળધર્મ પામ્યા. સંસાર પક્ષે તેઓ માતુશ્રી રતનબેન વિજપાર વીરજી દેઢિયા નાના આસંબિયાવાળાના સુપુત્રી હતા. પૂજ્યશ્રી સાહેબની પાલખી યાત્રા તા.૨૫ જૂન શુક્રવારના બપોરે ૨.૩૦ કલાકે બોંતેર જિનાલય તીર્થ પરિસરમાં નીકળી હતી. જય જય નંદા જય જય ભદ્રાના નાદ કરી તેઓશ્રીને અંતિમ વિદાય સજળ નયને આપી હતી.

# સંજીવની કેસ નં.૪૫ને વહારે આવવા ઉદાર દિલોને અપીલ




ઉંમર વર્ષ ૬૩ના પુષ્પાબેન સુરેશ કુરૂવા ગોધરા-ડોંબિવલી અત્યારે ઠાકુર હોસ્પિલમાં કોણીના ફ્રેક્ચરને લીધે ભરતી છે. તેમનો મેડિક્લેઈમ વીમો નથી કે નથી કોઈ બચત. સર્જરી અને સારવાર અર્થે રૂ.૬૬ હજારની મદદ મળે એ માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સમક્ષ અરજી મૂકેલ છે.

હર હમેંશાની જેમ જ્ઞાતિજનોની આપદામાં સૌ આગળ આવી આપતિમાં સપડાયેલ જ્ઞાતિજનોની મદદ કરીએ છીએ એજ ભાવ અને આત્મીયતા આપણે પુષ્પાબેન કુરૂવા પ્રત્યે રાખીએ અને તેમની અતિ કપરી પરિસ્થિતિને વહેલી તકે વિખેરી નાખીએ એજ હૃદયપૂર્વકની અપીલ અરજ અને પ્રાર્થના.



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગળીનું કચ્છમાં વિવિધ વિસ્તારોમાં વાવેતર થાય છે. તેમાં ય અંજાર તાલુકાના મથડાની ડુંગળીની આખા કચ્છમાં મોટા પાયે માંગ જોવા મળે છે. મથડા વિસ્તારના મુસ્લિમ આગરિયા ખેડૂતો દ્વારા દેશી ડુંગળીનું મબલક પ્રમાણમાં વાવેતર કરી એક લાખ મણનું ઉત્પાદન કરવામાં આવ્યું છે.

● તાજેતરમાં મ્યાનમાર દ્વારા નામકરણ પામેલા અને અરબી સમુદ્રમાં ઉત્પન્ન થયેલ તૌકતે વાવાઝોડા અસરતળે કચ્છના ગામોમાં કેસર કેરીનો ૨૦ થી ૨૫ ટકા પાક ખરી પડ્યો. તે ઉપરાંત જાંબુ, ખારેક, દાડમના પાકને પણ જફા પહોંચી છે. આ નુકસાનીમાંથી ખેડૂતોને સરકાર વળતર આપી ઉગારી શકે છે.

● ભુજ સ્થિત લેવા પટેલ હોસ્પિટલ છેલ્લા સવા મહિનામાં દર્દીઓ માટે ઉપયોગમાં લીધેલ ગાદલાં, તકિયા, રજાઈ સહિતના ૩૫૦ બેડની તમામ સામગ્રીને સુખપર ખાતેના સ્મશાનમાં આ જથ્થાને નષ્ટ કરાયો હતો. કોરોના વાયરસ કોને ક્યાંથી લાગે છે એની કોઈને જાણ નથી થતી. એથી કોરોના દર્દીઓના ઉપયોગાર્થે વપરાયેલ એ સામગ્રીનો નિકાલ કરાયો હતો.

● અદાણી ગ્રુપ સંચાલિત જી.કે.હોસ્પિટલ ભુજ ૧ કરોડની લાગતથી ૨૦૦ સિલિન્ડરની ક્ષમતા વાળો ઓક્સિજન ઉત્પાદન કરતો આધુનિક પ્લાન્ટ કાર્યાન્વિત થતા હવે આ હોસ્પિટલ ઓક્સિજન ક્ષેત્રે આત્મનિર્ભર બની છે. આ અગાઉના મળી કુલ્લ ૪ પ્લાન્ટ થતા ઓક્સિજનની ઉત્પાદન ક્ષમતા ૫૦૦ સિલિન્ડર થતાં વર્તમાન ભાવિ સમયમાં કોઈપણ પરિસ્થિતિમાં પહોંચી વળશે. એવો દાવો હોસ્પિટલના સતાવાળાઓએ કર્યો હતો.

● અમેરિકા સ્થિત મૂળ માંડવીના મનુભાઈ શાહએ વતન પ્રત્યે પ્રેમ દર્શાવી માતૃભૂમિનું ઋણ ચુકવવા અને કોરોનાગ્રસ્ત દરદીઓના સેવાર્થે ૫૦ ઓક્સિજન કોન્સન્ટ્રેટર બિદડા સર્વોદયને સુપ્રત કર્યા. જે કચ્છના ૮ તાલુકામાં ૧૭ સેન્ટર પર છેવાડાના દરદીઓ માટે વિતરણ કરાયા.

● ગાંધીધામની કામધેનુ ગૌ સેવા ટ્રસ્ટ અને ગૌ સારવાર કેન્દ્રમાં ગાયોના નીરણ અને અન્ય પૌષ્ટિક આહારના વહન માટે વર્ષોથી વપરાતું વાહન જૂનું થઈ જતાં વિવિધ દાતાઓઓ દ્વારા રૂા.૪ લાખના ખર્ચે નવું લોડિંગ વ્હીકલ-ટેમ્પો અપાયું હતું. વાહન ખરીદવા માટે આર્થિક યોગદાન આપનાર દાતાઓનું ટ્રસ્ટ દ્વારા આભાર વ્યક્ત કરાયો હતો.

● અબડાસા તાલુકાના ૩૫ થી ૪૦ ગામોમાં બાંધણી ગૃહઉદ્યોગની જેમ બંધાય છે અને દશેક હજારને તેમાંથી રોજી રોટી મળે છે. અબડાસા તાલુકામાં રોજગારીની તકો મર્યાદિત છે. ત્યારે ઘણા પરિવારોમાં બાંધણી કળાએ નિર્વાહનું સાધન બની ગયું છે. હેરિટેજ વિલેજ તેરા એ બાંધણી કળાનું હબ ગણાય છે. તેરા, બારા, નલિયા, સુડધ્રો, કોઠારા, વાયોર, રામપર (અબડા) છસરા, જખૌ, સુથરી, ડુમરા, વરાડિયા, હમીરપર, ધૂફી, બિટ્ટા, ભવાનીપર, મોથાળા, બાલાપર, નાની મોટી વમોટી, ઉસ્તીયા, લાખણિયા, બાંઢિયા, વિંઝાણ, આમરવાંઢ, રેલડિયા મંજલ વિગેરે ગામોમાં બાંધણી બાંધવાનું કામ કારીગરો દ્વારા વર્ષોથી ચાલુ છે. કાચા અંદાજ પ્રમાણે ત્રણેક હજાર કુશળ કારીગરો જ્યારે સાતેક હજાર અર્ધ કુશળ કારીગરો આ કામ સાથે જોતરાયેલા છે.

● ભુજ શહેરી વિકાસ સતા મંડળ 'ભાડા' દ્વારા આવનારા સમયમાં હિલ ગાર્ડન પાસે રૂા.૫.૫ કરોડના ખર્ચે ૨.૮૦ એકર જમીનમાં રમત ગમત કેન્દ્ર તથા આર.ટી.ઓ. રિલોકેશન સાઈટ પાસે રૂા.૨.૬૫ કરોડના ખર્ચે ભુજ રીડિંગ રૂમ કમ સ્ટડી સેન્ટર બનાવાશે.

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ
જૈન મહાજન



# ONE STEP TOWARDS AATMANIRBHAR KDO NARI

Samast Mahajan KDO Swaroj Team & Samast Mahajan KDO Women Empowerment Committee are pleased to announce support of Sewing Machines to Women aspiring to be Aatmanirbhar!

THANK YOU FOR ALL THE SUPPORT AS DONERS-

**HEMABEN G CHHEDA & JAYSHRI K DAND**





**Highly Needy KDO family can apply for Sewing Machine || Application to be made to KDO SWAROJ TEAM**

**Contact: Ms Sheetal Dhulla @ 9099041414 / Mr Manish Bhai @ 7506070851**

☆ Nishit Dand || Adv. Minal B Khona || Viraj Dhulla || Khyati Dharamshi || Divya Momaya || Mahima Dand ☆

# પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.ની પારોલા તીર્થમાં પધરામણી થઈ

મહારાષ્ટ્રના ખાનદેશ પ્રદેશના પારોલા તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪નું નગર પ્રવેશ થયો. સંઘના શ્રાવક શ્રાવિકાઓએ તેમનું ઉત્સાહપૂર્વક સામૈયું કર્યું હતું.





# ભાવભીની શ્રદ્ધાંજલિ



**વિજય લોડાયા**
તા.૧૯ જૂન (ઉ.૭૪)
નલિયા-ઘાટકોપર



**ખમાવંતી શાહ**
તા.૨૧ જૂન (ઉ.૭૨)
વારાપધ્ધર-ડોંબિવલી



**પ્રવીણ ખોના**
તા.૨૧ જૂન (ઉ.૬૬)
સાંધવ-ડોંબિવલી



**હર્ષલ મોમાયા**
તા.૨૨ જૂન (ઉ.૪૪)
તેરા-મસ્જિદબંદર



**દેવશી ધરમશી**
તા.૨૪ જૂન (ઉ.૮૫)
ગોયેરસમા-મુલુંડ



**જેઠાલાલ નાગડા**
તા.૨૪ જૂન (ઉ.૮૫)
નલિયા-દાવણગીરી



**શાંતિલાલ શિયાળ**
તા.૨૬ જૂન (ઉ.૮૫)
જખૌ-ઈંદોર



**મધુરીબેન નાગડા**
તા.૨૬ જૂન (ઉ.૮૩)
જખૌ-બોરિવલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA